Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 3, Issue - 2, Mar-Apr – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 08/03/2020 Accepted on : 19/03/2020 Publication Date: 31/03/2020

# ભારતમાં વર્તમાન સમયમાં શૈક્ષણિક પરિવર્તનો

**Chetan J. Bhal**
Higher Secondary Teacher
Shree Nandkuvarba Kshatriya Kanya Vidyalay – English Medium School
Bhavnagar, Gujarat, India
Email – bhalchetan@yahoo.com

***Abstract:*** ભારતમાં હાલનો સમય શૈક્ષણિક સંક્રમણનો છે. અત્યારના સમયમાં શિક્ષણમાં પાયાથી બદલાવ આવી રહ્યો છે, જે આવકાર્ય છે અને જરૂરી પણ છે. આ શૈક્ષણિક પરિવર્તનો પ્રાથમિક શિક્ષણથી લઇને મહાવિધાલય સુધી વિસ્તરેલ છે. જે વૈશ્વિક બદલાવને અનુસંધિ ને જરૂરી છે. શૈક્ષણિક બદલાવ અનેક કારણોસર થયા છે. જેમકે ટેક્નોલોજીનો વિકાસ, અલગ-અલગ દેશોની શિક્ષણનીતી, વેપાર અને વાણિજ્ય વિકાસ અને ભવિશયની જરૂરિયાત વગેરે સમય સાથે બદલાવ આવવો જ જોઇએ. ભાગવદ ગીતા મુજબ "પરિવર્તન સંસારનો નિયમ છે. શૈક્ષણિક પરિવર્તનો એ અતિ અગત્યનો મુદો છે કારણેકે કોઇ પણ દેશોનો વિકાસ અને ભવિષ્ય તેના શૈક્ષણિક માળખા પર આધારિત છે. અત્યારના સમયમાં ભારતમાં શૈક્ષણિક બદલાવની શરૂઆત નવી શૈક્ષણિક નીતિ – 1986 થી શરૂ થઇ અને ત્યાર બાદ અનેક પરિવર્તનો અને સુધારા – વધારા સાથે ફરજીયાત શિક્ષણ નીતિ 2010 લાગુ કરવામાં આવી. સરકારશ્રી અને અન્ય પરિબળોના સહયારા પ્રયાસથી સર્વ-શિક્ષા અભિયાન, RTE Act 2009 વગેરે પ્રયાસ થયા અને સફળ પણ રહ્યા. જેના પરિણામ સ્વરૂપે શિક્ષણદર વધીને 74%, જેમા પુરુષોમાં શિક્ષણદર – 82.2% અને સ્ત્રીઓમાં શિક્ષણદર - 69.5% થયો. અહીં હાલના સમયમાં થઇ રહેલ પરિવર્તન ક્યાં અને ક્યા કારણે આવી રહયા છે, તેમજ શિક્ષણ ક્ષેત્રે શિક્ષક, શિક્ષણ પધ્ધતિ વગેરેનો અભ્યાસ જરૂરિ છે.

***Key Words:*** શૈક્ષણિક પરિવર્તનો, શૈક્ષણિક માળખુ, શૈક્ષણિક નીતિ, જથ્થાકીય શિક્ષણ, ગુણવતાયુકત શિક્ષણ, માહિતીસભર અધ્યયન અને અધ્યાપન, સંખ્યાત્મક શિક્ષણ, ગુણાત્મક શિક્ષણ,

## 1. INTRODUCTION:

આ પરિસ્થિતિ શિક્ષણનો ફેલાવો દર્શાવે છે પરંતુ એ પરથી કહી શકાય કે સંખ્યાત્મક શિક્ષણ સફળ રહ્યુ છે પણ ગુણવતાયુકત શિક્ષણમાં હજું કામ કરવાનું બાકી છે. આપણા સહીયારા પ્રયાસથી બાળક શાળા સુધી પહોંચી ગયુ ચૈન પરંતુ તેને શું ભણાવવુ? કેમ ભણાવવુ? કેટલું ભણાવવુ? આ સવાલ અત્યારના શિક્ષણ માટે મહત્વનો છે. શિક્ષણમાં થઇ રહેલ ફેરફારમાં માત્ર માળખાગત ફેરફાર પુરતો નહી થાય પરંતુ પાઠયપુસ્તક, પાઠયક્રમ, શિક્ષણકાર્ય, શિક્ષણ પધ્ધિત, શિક્ષકોની લાયકાત અને આવડત, શાળાની ભૂમિકા વગેરે પ્રશ્નો વિચારવા રહ્યા. કોઇ પણ સંસ્થા કે સતા દ્વારા ગમે ઉતમ નીતિ કે કાયદા બને પણ તેનો અમલ યોગ્ય રીતે થાય અને તેના ધાર્યા પરિણામ મળે તે જોવું અનિવાર્ય થઇ જાય છે. શિક્ષણમાં હજુ વિચાર અને કાર્યમાં ફરક દેખાય છે.

## 2. LITERATURE REVIEW:

1. કોઠારી પંચની ભલામણો 1964 (શિક્ષણ અને રાષ્ટીય ધ્યેયો - શૌક્ષણીક પ્રથા, માળખુ અને ધોરણો - અધ્યાપકોનો દરરજો - શિક્ષણ અને પરિક્ષણ - વિધાર્થી સંખ્યા અને માનવબળ - શિક્ષણમાં સમાન તકો)
2. નવી શિક્ષણનીતિ 1986 (શિક્ષણ, સમાજ અને વિકાસ - શૈક્ષણીક વિકાસનું સમગ્ર દર્શન - શૈક્ષણીક નવસંસ્કરણનો અભિગમ)
3. RTE Act 2009 - (મફત અને ફરજિયાત શિક્ષણનો હક – શાળા અને શિક્ષકોની જવાબદારીઓ – અભ્યાસક્રમ અને પ્રાથમિક શિક્ષણપુરુ પાડવુ – બાળકોના હકોનુ રક્ષણ)
4. સર્વ શિક્ષા અભિયાન
5. ફરજીયાત શિક્ષણ નીતિ 2010

## 3. RESEARCH METHOD:

અહીં સંશોધન પધ્ધતિ પ્રાથમિક માહિતી તેમજ ગૌણ માહિતિ ઉપયોગમાં લીધેલ છે. પ્રાથમિક માહિતી માટે એક શાળાના 25 શિક્ષકોને પ્રશ્નાવલી પધ્ધતિથી માહીતી એકત્રિત કરેલ છે. જયારે અન્ય ગૌણ માહિતી વિવિધ સરકારી યોજના, નિયમો ને આધારે લીધેલ છે. સાહિત્ય સમીક્ષા અને સંદર્ભ સૂચી દ્વારા જે સંશોધન શોધનિબંધ, પુસ્તક અને વેબસાઈટ સંદર્ભ માટે લીધેલ છે તે દર્શાવેલ છે.

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 2, Mar-Apr – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 08/03/2020 Accepted on : 19/03/2020 Publication Date: 31/03/2020

## 4. DISCUSSION:

### 4.1 વર્તમાન સમયમાં શૈક્ષણિક માળખાકીય ફેરફાર:

(1.1) સૌપ્રથમ માળખાકીય ફેરફારમાં પાઠયપુસ્તક અને પાઠયક્રમમાં થયેલ છે. ગુજરાત રાજય શિક્ષણ બૉર્ડ દ્વારા ખુબ જ અગત્યનો નિર્ણય લેવમા આવ્યો જેમા ધોરણ 3 થી ધોરણ 12 ના અભ્યાસક્રમને NCERT (National Council of Educational Research and Training) ના પાઠયપુસ્તક અને પાઠયક્રમ લાગુ કરવામાં આવ્યા. જે નિર્ણય નીચે ખાનગી શાળા, સરકારી શાળા, અને અર્ધસરકારી શાળાઓ ના અભ્યાસક્રમમાં કોઇ વિસંગતતા જોવા નહી મળે. તેમજ એક શાળાના વિધાર્થીઓની પરીક્ષાની ઉતરવહીઓ બીજી શાળાના શિક્ષકો તપાસશે જેથી મુલ્યાંક્નમાં પણ તટસ્થતા અને પારદર્શીતા આવે.

(1.2) શૈક્ષણિક કાર્ય માં ફેરફાર પણ અગત્યનો છે. નવી શિક્ષણ નીતિ અનુસાર 'ભાર વગરનું ભણતર' ને પ્રાધાન્ય આપવામાં આવ્યુ. વિધાર્થીને ધરકામ કેટલુ આપવુ? દફતરનું વજન કેટલુ હોવુ જોઇએ? વર્ગમાં વિધાર્થી કેન્દ્રી શિક્ષણ પધ્ધતિ અપનાવવી, આવા અનેક નવતર પ્રયોગથી શિક્ષણકાર્યમાં બદલાવ જરૂર આવ્યો પણ તેનું નિષ્કર્ષ હજું હાથ આવવુ બાકી છે. વર્ગકાર્યમાં અને શિક્ષણ પધ્ધતિમાં ફેરફાર ટેક્નોલોજીને આભારી પણ છે જેમકે બ્લેકબૉર્ડ અને ચોક ની જગ્યાએ પ્રોજેક્ટર અને વ્હાઇટબૉર્ડ આવી ગયા.

(1.3) શિક્ષક અભ્યાસક્રમના કારણે શિક્ષકની લાયકાત માત્ર પૂરતી નથી પરંતુ તે અંગેની તાલીમ અને આવડત પણ અનિવાર્ય છે. કોઇ પણ શિક્ષકનું ધડતર થવુ ખુબ જ અનિવાર્ય છે. શિક્ષકની ઉમર, અનુભવ, પરિપક્વતા જેવા ગુણોનો વિકાસ થવો ખુબ જ જરૂરી છે. આવા બિનકેળવાયેલ અને બિનઅનુભવી શિક્ષક શાળા, વિધાર્થી અને સમાજ માટે ભયજનક સાબિત થાય છે. શિક્ષક અભ્યાસક્રમમાં પણ જરૂરી ફેરફાર થયા છે પરંતુ તે હજુ પણ માત્ર શૈક્ષણિક લાયકાતના જ સંદર્ભમાં થઇ રહેલુ કાર્ય છે. શિક્ષક અભ્યાસક્રમ ઘણી ખાનગી કોલેજોમાં યોગ્ય રીતે ચાલતો નથી, જેમાં વિધાર્થીઓની હાજરી ફરજીયાત કરવામાં આવતી નથી. જે માત્ર પત્રવ્યવહાર જેવુ થઇ રહ્યુ છે.

(1.4) શિક્ષક,વિધાર્થી અને વાલીઓના વલણમાં આવેલા બદલાવ પણ નોંધપાત્ર છે. શરૂઆતના સમયમાં શિક્ષક કેન્દ્રી વાતાવરણ જોવા મળતુ અને શિક્ષક અભ્યાસક્રમ, શાળા અને વિધાર્થી પ્રત્યે વફાદાર રહેતા. વિધાર્થીઓ પણ અભ્યાસ, શીસ્ત, રમત-ગમતને મહત્વ આપતા. જયારે વાલીઓ પણ અતીમહત્વકાંક્ષી ન હતા અને જે પોતાના બાળકોના જ્ઞાન અને જીવનલક્ષી ભણતરને મહત્વ આપતા હતા. જયારે અત્યારના સમયમાં પરીસ્થીતિ વિપરીત જોવા મળે છે. શિક્ષકોને શિક્ષણ સિવાયની તમામ પ્રવ્રુતિમાં રસ છે, ખાનગી ટયુશન કરી વધારે આવક કરવાની વ્રુતિ થતી જાય છે. સામે વિધાર્થીઓ પણ અભ્યાસ અને જીવનધડતર ને ગૌણ બનાવી અન્ય પ્રવ્રુતિઓ માં સમય પસાર કરે છે. વાલીઓ, શાળાને માત્ર પરિણામની દ્રસ્ટીએ જોતા થઇ ગયા છે. આમ, શિક્ષકના મુળભુત કાર્યને બિલકુલ ભુલાવી દેવામા આવ્યું છે.

| વર્તમાન સમયમાં શૈક્ષણિક માળખાકીય ફેરફાર | | | |
|---|---|---|---|
| 1 | વિષયો | મર્યાદિત | વિવિધ |
| 2 | શિક્ષણ પધ્ધતિ | શિક્ષકલક્ષી | વિધાર્થીલક્ષી |
| 3 | શાળાનુ વાતાવરણ | શીસ્ત, હકારાત્મક અને જીવન ધડતર | મુકત અને અનાત્મલક્ષી |
| 4 | શિક્ષકનુ વલણ | અભ્યાસક્રમલક્ષી | અભ્યાસક્મ, વિવિધ અભ્યાસલક્ષી પ્રવ્રુતિઓ |
| 5 | વિધાર્થીનુ વલણ | જ્ઞાન અને ભણતર | ઇતર પ્રવ્રુતિઓ |
| 6 | વાલીઓનુ વલણ | હકારાત્મક | નકારાત્મક |
| 7 | ઉદેશ | અભ્યાસ અને જીવનઘડતર | પરિક્ષાલક્ષી |
| 8 | મૂલ્યાંક્ન પધ્ધતિ | જ્ઞાન અને વિકાસલક્ષી | પરીણામલક્ષી |
| 9 | પાઠય પુસ્તક | પ્રાથમિક-કક્ષા | માહીતીસભર અને જ્ઞાનલક્ષી |
| 10 | ટેક્નોલોજી | નહિવત | અધતન |

(Table 1)

### 4.2. જરૂરી ફેરફાર અંગેની સમજ

દરેક ક્ષેત્રમાં સમય સાથે બદલાવ આવવા સામાન્ય છે તેમજ અનિવાર્ય પણ છે. જેમકે વહેતુ પાણી જ પીવાના ઉપયોગમાં લઇ શકાય. અહીં શિક્ષણ જગતમાં આવતા ધરખમ ફેરફારની વાત સ્વીકારવી જરૂરી છે પણ સાચી સમજ સાથે સ્વીકારવી આવશ્યક છે. અત્યારના સમયમાં વિવિધ પ્રવિધિના કારણે શિક્ષણદર ઉંચો ગયો પણ ગુંણવતાના દરનું મુલ્યાંક્ન થયુ નથી. જેના પરિણામ સ્વરૂપે બેરોજગારિ, ગરીબી અને અન્ય સામાજિક પ્રશ્નો ઉદભવવા લાગ્યા છે.

હાલમાં વર્ષ 2020 માં થયેલ બદલાવના પ્રમાણે વિધાર્થીઓને વિવિધ પ્રવ્રુતિઓ દ્વારા શિક્ષણ આપવાની વાત કરવામાં આવી પરંતુ તે પ્રવ્રુતિ તે વિધર્થીના અભ્યાસક્રમને અનુસંધાન કરતી હોવી જોઇએ અન્યથા તે માત્ર માહિતી કહેવાય અને જયા સુધી માહિતી-જ્ઞાનમાં અને ઉપયોગમાં ન પરિણમે ત્યાં સુધી ભણતર અથવા આવડતનો કોઇ અવકાશ રહેતો નથી. વર્તમાન સમયમાં શિક્ષક-વિધાર્થી અને અભ્યાસક્રમના ત્રી-પરિમાણને ધ્યાનમાં લઇ આવી રહેલા ફેરફારને સમજવા જરૂરી છે, માત્ર યંત્રવત રીતે ફેરફાર સ્વીકારવાથી કોઇ દિશા તરફ જઇએ છીએ તે નક્કી થઇ શકશે નહી. ઉદા. તરીકે વિધાર્થીઓ માટે યોજાતી વિવિધ સ્પર્ધા, જે માટે વિધાર્થીઓને તાલીમની જરૂર રહેશે અને તે સ્પર્ધામાં સારો દેખાવ કરશે. પ્રશ્ન એ છે કે જે તે સ્પર્ધાનો તેમના જીવનમાં ઉપયોગ શું? આપણે શિક્ષકો જે એકમ વર્ગમાં શિખવીએ છીએ તેનો વિધાર્થીને વાસ્તવીક જીવનમાં ઉપયોગ શું થશે? આ શીખવવુ જરૂરી છે. માહિતી અને જ્ઞાન એ હથીયાર છે જેનો યોગ્ય ઉપયોગ કરવાનું શિક્ષકે શીખવવાનું છે.

**4.3. શિક્ષકની લાયકાત અને આવડત:**

શિક્ષકની લાયકાત અને આવડત અંગે વિવિધ મંતવ્યો સામે આવે છે. એક અભિપ્રાય પ્રમાણે શિક્ષકની લાયકાત એટલે શૈક્ષણિક લાયકાત (Bachelor in any faculty + B.Ed) અને બી.એડ અભ્યાસક્રમમાં શિખવવામાં આવતું વર્ગકાર્ય એટલે આવડત. અહીં મૂળભૂત પ્રશ્ન એ છે કે શૈક્ષણિક લાયકાત અને તાલીમ શું એક શિક્ષક તૈયાર કરી શકે ખરા? જો આવું શકય હોય તો મશીન સાથે કામ કરતો એન્જીન્યર અને બાળકો સાથે કામ કરતા શિક્ષક વચ્ચે કોઈ જ ભેદ રહેતો નથી.

પ્રાથમિક અને માધ્યમીક કક્ષાના એક શાળાના 25 શિક્ષકની લાયકાત અને આવડત અંગે અભ્યાસ પરથી નિચે ના તારણ ધ્યાનમાં આવ્યા.

1. શૈક્ષણિક લાયકાત
2. પોતાના વિષયની ઉંડી અને વ્યવહારુ સમજ અને જ્ઞાન
3. સતત શિખવાની વ્રુતિ
4. પ્રયોગશીલ
5. સમય પ્રમાણે બદલાવ લાવવાની તૈયારી
6. શીસ્ત અને સમય પાલન
7. પ્રમાણીક્તા અને ચારિત્રવાન
8. ટેક્નોલોજીનું જ્ઞાન અને ઉપયોગની આવડત
9. જવાબદારી સ્વીકારવાની તૈયારી
10. પરિપક્વતા
11. પ્રવ્રુતિશીલ
12. લાગણીશીલ અને વિચારશીલ
13. વિધાર્થી અને સંસ્થા તરફ વફાદાર
14. શારિરીક અને માનસિક તંદુરસ્તી



## 4.4. શિક્ષણમાં પ્રયોગ

મૌલિકતા એ શિક્ષણનું અનિવાર્ય પાસુ છે અને તેના માટે શિક્ષકે શિક્ષણકાર્યમાં સતત નવતર પ્રયોગ કરતા રહેવા જોઇએ. આ પ્રયોગ કે પ્રયુક્તિઓનો ઉદેશ શિક્ષણની ગુણવતા સુધારવા અને વિધર્થીનો શૈક્ષણિક, સાંવેગિક, સામાજિક, આર્થીક પ્રગતિ છે. શિક્ષણમાં પ્રયોગ એટલે વર્ગખંડમાં શિક્ષક દ્વારા અજમાવાતી પ્રયુક્તિઓ જેમકે,

(4.1) પ્રાથમિક શિક્ષણમાં વાર્તા, સંગીત, ગીત, નાટક, રમતો, વિવિધ શૈક્ષણિક મુલાકાત વગેરે દ્વારા વિધાર્થીને અભ્યાસમાં રુચિ વધે, શાળાએ આવવાનું પસંદ કરે, શાળાની તમામ પ્રવ્રુતિમાં ભાગ લે છે. આમ, આ પ્રકારની વિવિધ પ્રવ્રુતિઓ શિક્ષક પાસેથી આવકાર્ય છે. જે પ્રયોગ કરતા શિક્ષકે બીવુ ન જોઇએ.

(4.2) માધ્યમિક શિક્ષણમાં વિવિધ સ્પર્ધાનું આયોજન જેમકે વક્રુત્વ સ્પર્ધા, નિબંધ – વાર્તાલેખન, ચિત્રસ્પર્ધા, પ્રોજેક્ટ, પ્રેજન્ટેશન, કોમ્પ્યુટરનો ઉપયોગ, વિવિધ સ્થળ અને ધંધાકીય એકમની મુલાકાત વગેરે. શિક્ષકે જુથચર્ચા, કેસ અભ્યાસ જેવા વ્યવહારુ અને પ્રત્યક્ષ પ્રયોગ કરવા જોઇએ. ઘણો સમય અભ્યાસકાર્યમાં ખલેલ જેવું લાગે પણ અભ્યાસક્રમને આવી પ્રયુક્તિઓ સાથે જોડવાથી અભ્યાસ સરળ, અને રસપ્રદ બમૈ છે.

(4.3) ઉચ્ચતર માધ્યમિક અને મહાવિધાલયના મોટા વિધાર્થીઓ ને માટે પ્રયોગ કરવાની પ્રક્રિયા થોડી અલg કરવી જોઇએ. તેમને શું વિચારવુ એ એમના પર છોડવુ જોઇએ. તેમનામાં અમુક ગુણોનો વિકાસ થાય તેવી પ્રવ્રુતિઓ અધતન ટેકનોલોજીના ઉપયોગથી કરાવવી જોઇએ. વિધાર્થીની વાંચન અને પ્રત્યયન કૌશલય શીખવવુ જરૂરી છે.

(4.4) માત્ર અભ્યાસક્રમ અને પાઠયપુસ્તક પુરતા સીમીત ન રહેતા પ્રત્યક્ષ સમાજ અને વાસ્તવિક જીવન સાથે સંકળાયેલ પ્રવ્રુતિ કરાવવી જોઇએ. વિધાર્થીને રોજીંદિ ક્રિયાઓ વિશે સમજ અને જ્ઞાન આપવુ જોઇએ અને તેને અનુલક્ષીને પ્રવ્રુતિ કરાવવી જોઇએ. અધ્યાપન કાર્યને રસપ્રદ બનાવવુ જરૂરી થઇ ગયુ છે જેથી વિધાર્થીને સરળ રીતે સમજાય અને શૈક્ષણિક ગુણવતા સુધરે આવા પ્રાયોગિકકાર્ય માટે શિક્ષકે અન્ય શાળા અને શિક્ષકો સાથે આ અંગે ચર્ચા-વિચારણા કરવી જોઇએ. શિક્ષણમાં નવતર પ્રયોગ લાગુ કરનાર 'શ્રી ગીજૂભાઇ બધેકા' નું નામ અગ્રેસર છે. તેમજ આવા પ્રયોગોને અનુલક્ષીને 'દિવાસ્વપન' નામની પુસ્તકમાં સ્પષ્ટ થાય છે કે શિક્ષકે અભ્યાસમાં પ્રયોગ કરતા ડરવુ જોઇએ નહી.

## 4.5. શૈક્ષણિકકાર્યનું મહત્વ

છેલ્લા અમુક દસકાથી શૈક્ષણિક કાર્ય અને શિક્ષણ પ્રસાર અંગે ઘણી જાગ્રુતતા લાવવાના પ્રયાસ થયા છે. જેની શરુઆત નવી શૈક્ષણિક નીતિ – 1986 માં લાગુ કરવામાં આવી જેમાં શિક્ષણનો ફેલાવો અને સ્ત્રી શિક્ષણ અને કેળવણી પર ધ્યાન આપવામાં આવ્યુ હતું. ત્યાર બાદ ઘણા સુધારા વધારા અને અનેક સરકારી. અર્ધસરકારી, અને સામાજિક સંસ્થાઓ દ્વારા નોંધપાત્ર કામગીરી થઇ છે.

એક વધુ નોંધપાત્ર પગલુ 'ફરજીયાત શિક્ષણ – 2010 માં લાગુ કરવામાં આવ્યુ જે પ્રમાણે 6 થી 14 વર્ષના દરેક બાળકને ફરજીયાત અને મફત શિક્ષણ આપવાનુ શરૂ થયુ જેના પરિણામ સ્વરૂપે શિક્ષણદરમાં નોંધપાત્ર વધારો થયો પરંતુ અધવચ્ચેથી શાળા છોડવાના અનેક કારણો ધ્યાનમાં આવ્યા. આવા અનેક પરીબળો ઉપરાંત શિક્ષણનું મહત્વમાં નોંધપાત્ર વધારો થયો જે હાલ 74% સુધી થયો. શિક્ષણના પ્રસારથી અમુક પાયાના બદલાવ અને પ્રશ્નોનું નિરાકરણ થયુ છે, જેમકે બેરોજગારી, ગરીબી, સામાજિક પ્રશ્નો નુ નિરાકરણ, સ્ત્રી સશકિતકરણ, અસામાજિક પ્રવ્રુતિમાં ધટાડો વગેરે. આમ સમાજમાં શિક્ષણ નું મહત્વ વધવાથી ઘણા સામાજિક, સાંવેગિક, આર્થિક, માનસિક બદલાવો આવ્યા જે સ્વસ્થ અને મજબુત સમાજ ઘડતરમાં ઉપયોગી સાબિત થયા.

હાલમાં શિક્ષણક્ષેત્રે લાગુ કરેલ RTE Act 2009 દ્વારા આર્થિક, સામાજિક, શૈક્ષણિક પછાત વર્ગને અભ્યાસ તક મળે અને ઉચ્ચ વર્ગ સાથે એકરૂપ થવાની તક મળે એ હેતુ થી અમલ કરવામાં આવે છે. જે અંતંગત દરેક શાળામાં કુલ વર્ગ સંખ્યાના 25% વિધાર્થી ફરજિયાત દરેક શાળાએ જે તે વર્ગમાં નામાંકન કરવા પડશે. તેમજ ગુજરાત સરકારનો વધુ એક અગત્યનો નિર્ણય NCERT દ્વારા ધો.3 થી ધો.12 ના પાઠયપુસ્તકમાં સુધારો લાવી એક જ અભ્યાસક્રમ ખાનગી તેમજ સરકારી શાળા માટે સમાન કરવામાં આવશે, જેથી ખાનગી તેમજ સરકારી શાળાનું શૈક્ષણિક સ્તર, વાતાવરણ વગેરે સમાન થશે. આવા પ્રત્યક્ષ પ્રયુકિત ઉપરાંત શિક્ષણનું મહત્વ અનેક રીતે રોજીંદા જીવનમાં દેખાતું આવ્યુ છે અને તેનો પ્રસાર અને પ્રચાર પણ સહિયારા પ્રયાસથી થઇ રહ્યો છે.

## 4.6. શૈક્ષણિક કાર્યમાં ઈતર પ્રવ્રુતિનુ મહત્વ

સૌપ્રથમ ઈતર પ્રવ્રુતિની વ્યાખ્યા કરવી જરૂરી થઇ જાય છે. શૈક્ષણિક કાર્યમાં ઈતર પ્રવ્રુતિ એટલે વિધાર્થીના સર્વાંગી વિકાસમાં મદદ થતી તમામ પ્રવ્રુતિઓને આવરી લેવાય. વર્ગખંડમાં થતી અભ્યાસ ઉપરાંતની ઈતર પ્રવ્રુતિમાં સમાચાર, વર્તમાનપત્ર, પુસ્તક વગેરે અંગેની ચર્ચા, વ્યકિતત્વ વિકાસ અને માહિતી સભર ફિલ્મ બતાવવી, વર્તમાન સમયના મુદા પર જુથ ચર્ચા આયોજન વગેરે કાર્યોથી વિધાર્થીનું જ્ઞાન, સમજ અને વિચાર-શકિતનો વિકાસ થવાથી અભ્યાસમાં પણ સહાયરૂપ થશે.

વર્ગખંડની બહાર ઈતર પ્રવ્રુતિઓમાં શાળાની અંદર થતી પ્રવ્રુતિ જેમકે વ્રુક્ષારોપણ, વિવિધ હરિફાઇ, રમત-ગમત, શાળા સફાઇ, નિયમીત વિધાર્થી સભા વગેરે વિધર્થીઓને તેમની ફરજ અને શીસ્ત શીખવવામાં ઉપયોગી થાય છે. વિધાર્થીઓને માહિતી પ્રાપ્ત થાય તે હેતુથી જે તે વિષયના તજજ્ઞને બોલાવી સેમીનારનું આયોજન પણ થવુ જોઇએ. તેમજ અમુક વિષયોમાં જેમ કે યોગ, ચિત્ર વગેરે માટેના વર્કશોપનું આયોજન પણ મહત્વનું છે. વર્ગખંડ અને શાળાની બહાર થતી ઈતર પ્રવ્રુતિઓમાં વિધર્થીઓને વિવિધ ધંધાકીય એકમ, સામાજિક સંસ્થા, ઐતહાસીક સ્મારક વગેરેની મૂલાકાત કરાવવી જોઇએ જેથી સામાજિક જ્ઞાન અને ફરજનું ભાન થાય.

### 4.6.1 પ્રાથમિક ધોરણો માટે

1. વાર્તા કહેવી
2. ગીત – સંગીત
3. રમત રમાડવી
4. કાગળ અને માટીમાં થી વસ્તુ બનાવવી
5. સફાઇ, શીસ્ત અને નિયમીતતાના પાઠ શીખવવા

### 4.6.2 માધ્યમિક ધોરણો માટે

1. જ્ઞાન – વિજ્ઞાન ને લગતી પુસ્તકોનું વાંચન
2. રમત-ગમત
3. વિવિધ સ્પર્ધાનું આયોજન કરવુ
4. વિવિધ કૈશલ્ય વિકાસ અને કલા તરફની રુચિ વિકસાવવી

### 4.6.3 ઉચ્ચતર માધ્યમિક / મહાવિધાલયો માટે

1. વિવિધ ધંધાકીય અને સામાજિક સંસ્થાની મુલાકાત
2. વિવિધ વિષયના વ્યાખ્યાનો નું આયોજન
3. પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા શિક્ષણ
4. કલા, રમત-ગમત, વાંચન વગેરે ટેવોનો વિકાસ

## 5. ANALYSIS:

### 5.1 શિક્ષક અને શાળાની ભુમિકા

અત્યારના સમયના શૈક્ષણિક પરિવર્તનોને યોગ્ય રીતે લાગુ કરવા માટે શિક્ષક અને શાળાનો ફાળો મુખ્ય છે. શિક્ષણમાં આવતા પરિવર્તનો શિક્ષક દ્વારા પ્રત્યક્ષ રિતે લાગુ કરવામાં આવતા હોય છે. જેમ કે અભ્યાસક્રમમાં અને અધ્યાપન પધ્ધતિમાં આવતા બદલાવ.

### 5.2 શિક્ષક દ્વારા નીચે પ્રમાણેની ભૂમિકા નિભાવવી જોઇએ.

1. બદલાવથી માહિતીગાર થવુ
2. યોગ્ય સમજ કેળવવી
3. બદલાવ માટે યોગ્ય આયોજન કરવુ
4. યોગ્ય શૈક્ષણિક સાધનો નો ઉપયોગ
5. જરૂરી માર્ગદર્શન અને તાલીમ લેવી
6. શૈક્ષણિક કાર્યનું ફરી આયોજન કરવુ

આમ, શિક્ષણમાં આવતા બદલાવ માટે શિક્ષકે પણ પોતાનામાં જરૂરી ફેરફાર કરવા જોઇએ. મનોવૈજ્ઞાનિક રીતે વિધાર્થીઓને પણ જરૂરી બદલાવ માટે તૈયાર કરવા જરૂરી છે. આમ, શિક્ષકની કામગીરી પાયાની છે જે શિક્ષણક્ષેત્રે આવતા બદલાવ ને વિધાર્થી સુધી પહોંચાડવાનું અગત્યનું માધ્યમ છે.

આમ, શાળાની ભૂમિકા પણ માળખાકીય ફેરફાર માટે અગત્યની છે. જેમ કે શાળામાં અમૂક સુવિધા ઊભી કરવી, શાળાનું વાતાવરણ, સંચાલક મંડળ, આચાર્ય અને શિક્ષકોનો અભિગમ વગેરે.

1. શાળામાં પુસ્તકાલય, પ્રયોગશાળા, ટોઇલેટ ની સુવિધા કરવી
2. રમત-ગમતના સાધનો પુરા પાડવા
3. સંચાલક મંડળ અને આચાર્યનો હકારાત્મક અભિગમ
4. વ્યવસાયિક શિક્ષણની તકો ઉભી કરવી
5. શાળામાં વિવિધ પ્રવ્રુતિઓ જેમ કે NCC, NSS વગેરે કરવા સુવિધા પુરી પાડવી.

## 6. FINDINGS:

શિક્ષણમાં ગુણવતા સુધારવીએ પ્રાથમિકતા છે. શાળા, શિક્ષક અને શાળા સંચાલન દરેકની જવાબદારી નક્કી કરવી અને સ્વીકારવી અનિવાર્ય છે. સરકારશ્રી દ્વારા લાગુ કરવામાં આવેલ વિવિધ યોજના માત્ર અમલ થાય એ જરૂરી નથી પરંતુ તેનું યોગ્ય પરિણામ પણ મળવુ જોઇએ. આમ માત્ર સંખ્યાત્મક કાર્ય થી નહી ચાલે પરંતુ ગુણાત્મક કાર્ય થવુ જરૂરી છે.

## 7. RECOMMENDATIONS:

<u>જરૂરી સૂચનો</u>

વર્તમાન સમયના શિક્ષણ પધ્ધતિ અને માળખાગત ફેરફારને ધ્યાનમાં લઈ શિક્ષક, વિદ્યાર્થી, વાલી અની શાળા એ નિચેની બાબતો ધ્યાનમાં લઈ અનુસરવી અનીવાર્ય છે.

1. આવેલ ફેરફાર કે બદ્લાવથી યોગ્ય માહિતીગાર થવુ
2. માહિતીને સાચી રીતે સમજવી અને અનુસરવી, અફ્વાથી બચવુ અને ન ફેલાવવી
3. શિક્ષક, શાળા, વિધર્થી, અને વાલીઓના સંપર્ક દ્વારા માહિતીની આપ-લે અને યોગ્ય સમજણ
4. શિક્ષકે જરૂરી તાલીમ લેવી
5. શિક્ષક દ્વારા શૈક્ષણિક કાર્યક્રમનુ આયોજન કરવુ અને વિશાર્થી સાથે ચર્ચવુ
6. વીધાર્થીઓને સાચી સમજણ આપી માનસીક તૈયાર કરવા
7. શાળાએ જરૂરી શૈક્ષણિક સાધનો, અને શિક્ષક તાલીમની વ્યવ્સ્થા કરવિ
8. શિક્ષકોએ પોતાના સૂચનો અને મંતવ્યો શિક્ષણખાતાને જણાવવા
9. શિક્ષકો, વિધાર્થીઓ અને વાલીઓ એ હકારાત્મક વલણ કેળવવુ
10. પરિક્ષા પધ્ધતિ અને મૂલ્યાંકન પધ્ધતિમાં જરૂરી બદલાવ
11. દરેક વિષયને સમાન મહત્વ આપવુ
12. શિક્ષકોને ટેક્નોલોજીનું જ્ઞાન હોવુ જરૂરિ
13. વિધાર્થીઓને અભ્યાસનો હેતુ સમજાવવો.

## 8.CONCLUSION:

અત્યારના સમયમાં શિક્ષણમાં પાયાથી બદલાવ આવી રહ્યો છે. આ શૈક્ષણિક પરિવર્તનો વિવિધ સ્તરે વિસ્તરેલ છે. જે વૈશ્વિક બદલાવને અનુસંધિ ને જરૂરી છે. શૈક્ષણિક બદલાવ અનેક કારણોસર થયા છે. જેમકે ટેક્નોલોજીનો વિકાસ, અલગ-અલગ દેશોની શિક્ષણનીતી, વેપાર અને વાણિજ્ય વિકાસ અને ભવિશયની જરૂરિયાત વગેરે સમય સાથે બદલાવ આવવો જ જોઇએ. ભાગવદ ગીતા મુજબ "પરિવર્તન સંસારનો નિયમ છે. કોઇ પણ દેશોનો વિકાસ અને ભવિષ્ય તેના શૈક્ષણિક માળખા પર આધારિત છે. સરકારશ્રી અને અન્ય પરિબળોના સહયારા પ્રયાસથી સર્વ-શિક્ષા અભિયાન, RTE Act 2009 વગેરે પ્રયાસ થયા અને સફ્ળ પણ રહ્યા. જેના પરિણામ સ્વરૂપે શિક્ષણદર વધીને 74%, જેમા પુરુષોમાં શિક્ષણદર – 82.2% અને સ્ત્રીઓમાં શિક્ષણદર - 69.5% થયો. સંખ્યાત્મક શિક્ષણમાં આપણે સફ્ળ રહ્યા છીએ પણ ગુણવતાયુક્ત શિક્ષણમાં સફ્ળતા મેળવવી બાકી છે. શિક્ષણમાં થઇ રહેલ ફેરફારમાં માત્ર માળખાગત ફેરફાર પુરતો નહી થાય પરંતુ પાઠયપુસ્તક, પાઠયક્રમ, શિક્ષણકાર્ય, શિક્ષણ પધ્ધિત, શિક્ષકોની લાયકાત અને આવડત, શાળાની ભૂમિકા વગેરે પ્રશ્નો વિચારવા રહ્યા.

## REFERENCES:

1. Arora G. L. (2002) Teachers and their teaching, Delhi, Ravi books.
2. National Council for Teachers Education (NCTE) (1998) NCTE Document, New Delhi.
3. Mohanty Jagannath (2000) Teachers Education in India
4. Namrata Das, Amrita, Anand Singh, Importance of Science in School Curriculum, We school knowledge builder – The National Journal, vol.2/2014/ISBN 1-63102-454-X.
5. Education System in Modern India M. Gautam, S. Singh, G. Fartyal, A. Tiwari, K. Singh – IJSAE vol.4 issue 1, Jan.2016, ISSN 2321-7545